# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika


વર્ષ : ૧૪ — ૨૦૨૦ : જાન્યુઆરી

અંક : ૧ — આજીવન : રૂ. ૧૦૦૦/-



**: તંત્રી :**

*શ્રી મહાવીરપ્રસાદ એમ. દેસાઈ*

"શ્રી બ્રહ્મધામ", મહિલા સ્વામિનારાયણ મંદિર પાસે,

મહુધા-૩૮૭૩૩૫ ફોન : ૦૨૬૮-૨૫૭૨૦૪૪



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના
## વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | ઉર્મિલાબેન અશ્વિનભાઈ દવે | વસો | રૂ. ૩૬૫/– |
| ૨. | શીલાબેન જોષી | અમદાવાદ | રૂ. ૫૦૦/– |
| ૩. | હેમલભાઈ ત્રિલોકભાઈ દવે | મુંબઈ | રૂ. ૨૦૦૦/– |
| ૪. | નારાયણપ્રસાદ શુક્લની સ્મૃતિમાં<br>હ. નિરજ એન. શુક્લ, મિલિન્દ શુક્લ | વડોદરા | રૂ. ૧૫૫૧/– |

---

## બાજખેડાવાળ પત્રિકાના આજીવન સભ્યો માટે ખાસ નોંધ

(૧) બાજખેડાવાળ પત્રિકા દર મહિનાની આખર તારીખે અમદાવાદથી પોસ્ટ થાય છે. (૨) કોઈ કારણસર પત્રિકા ન મળે તો એ પત્રિકા કદાચ આખા ગામ કે શહેરમાં વહેંચાઈ ન હોય એમ બને. (૩) આપને પત્રિકા નિયમિત મળતી હોય તો સ્થાનિક પોસ્ટમેન અથવા સ્થાનિક પોસ્ટ ઓફિસમાં લેખીત ફરિયાદ કરવી. (૪) પત્રિકા ધારક ગુજરી જાય એટલે પત્રિકાનું આજીવન સભ્યપદ આપોઆપ રદ થઈ જાય છે. તમારે નવેસરથી પત્રિકા મેળવવા માટે રૂ. ૧૦૦૦/– આજીવન સભ્યનું લવાજમ ભરવાનું રહેશે. (૫) પત્રિકાના આજીવન સભ્ય કાયમી વિદેશ વસવાટ કરવા માટે ગયા હોય તેવા સંજોગોમાં પત્રિકા વિદેશમાં જોઈતી હોય તો બીજાના સરનામે કે બીજાના નામે પત્રિકા મોકલવામાં આવશે નહીં. (૬) બાજખેડાવાળ પત્રિકાની કોઈપણ જાતની ફરીયાદ કે માહિતી માટે તંત્રીનો સંપર્ક સાધ્યા વગર સંસ્થાની ઓફિસે પત્રિકા ઉપર દર્શાવેલ ફોન નંબર ઉપર મેનેજર શ્રી ભાવેશ પંડ્યાનો સંપર્ક કરવો. જેથી ફરીયાદનું ત્વરીત નિરાકરણ થઈ જાય. (૭) નવા આજીવન સભ્યોએ, પત્રિકાના સભ્યો એ પોતાની પાવતી મેળવી લેવી અને તેના પર તથા પત્રિકા પર જે આજીવન સભ્યો લખેલ છે. તે નંબરથી પત્ર વ્યવહાર કરવો અંદાજીત ૪૬૦૦ પત્રિકાએ દર મહિને છપાતી હોવાથી આજીવન સભ્ય નંબર જણાવવાથી કામ સરળ થશે. (૮) પત્રિકાના જન્માક્ષરની મેટરમાં તમારા દ્વારા મોકલાવવામાં આવેલી મેટરમાં જ ભૂલ હોય અથવા અક્ષર ઉકલતા ન હોય તેવા સંજોગોમાં ભૂલ થવાની સંભાવનાઓ થાય જેથી નિયત ફોર્મમાં સ્વચ્છ અક્ષરે મેટર મોકલવા આગ્રહ ભરી વિનંતી જેથી સુધારાને અવકાશ રહે નહીં. (૯) ગામે ગામના મંડળોના પ્રમુખ–મંત્રીઓને જણાવવાનું કે મેટર મોકલતી વખતે ખાસ ધ્યાન રાખવું કે ઓછામાં ઓછી મેટર મોકલવી. માહિતીનું હાર્દ જળવાય તેવી મેટર મોકલવી મંડળને જ્યાં જરૂર લાગે ત્યાં મેટર કટ કરવાની ફરજ ન પડે તે જોવાની આપણી નૈતીક ફરજ છે.

**– તંત્રી મંડળ**

# તંત્રી લેખ...

## શ્રીમદ ભગવદ ગીતા : અધ્યાય-૮, અક્ષર બ્રહ્મયોગ

અર્જુનને પ્રશ્ન થયો, કે બ્રહ્મ શું છે ? અધ્યાત્મ શું છે ? કર્મ શું છે ? અધિભૂત અને અધિદેવ શું છે ? કોણ છે અને એ શરીરમાં કેવી રીતે છે ? તથા તમારામાં ચિત્ત પરાવેલ માણસો વડે અંતકાળે તમે કયા પ્રકારે ઓળખી શકાઓ છો ?

અર્જુનના આ ગુહ્ય સવાલો સાંભળી શ્રી ભગવાન બોલ્યા : પરમ અક્ષર બ્રહ્મ છે, અને પોતાનું સ્વરૂપ એટલે કે જીવાત્મા તે જ અધ્યાત્મ છે. સકળ ચરાચર પ્રાણીઓનો ઉદ્‌ભવ તેમજ અભ્યુદય કરાવનાર જે સૃષ્ટિ રચનારૂપી વિસર્જન અર્થાત્ ત્યાગ છે, એ જ કર્મ કહેવાય છે. ઉત્પત્તિ અને વિનાશશીલ હર એક પદાર્થ અધિભૂત છે અને આ શરીરમાં હું વાસુદેવ જ અંતર્યામીસ્વરૂપે અધિયજ્ઞ છું. જે કોઈ માણસ કે જીવ અંતકાળે ય મને સ્મરતો સ્મરતો શરીર છોડી જાય છે, એ મારા સાક્ષાત સ્વરૂપને પામે છે, એમ સહેજ પણ સંશય નથી. અંતકાળે આ માણસ જે જે પણ ભાવને સ્મરણ કરતો શરીરને છોડે છે, તેને તેને જ પામે છે; કેમ કે એ સદા તે જ ભાવથી ભાવિત રહે છે માટે તું સર્વકાળે નિરંતર મારુ સ્મરણ કર અને યુદ્ધ પણ કર. આમ મારામાં અર્પેલાં મન-બુદ્ધિથી યુક્ત થઈ તું ચોક્કસ મને જ પામીશ એ નિયમ છે કે પરમેશ્વરના ધ્યાનના અભ્યાસસ્વરૂપ યોગથી યુક્ત બીજી તરફ ન જનાર ચિત્તથી નિરંતર ચિંતન કરતો માણસ પરમ પ્રકાશસ્વરૂપ દિવ્ય પુરુષ એવા પરમેશ્વર ને જ પામે છે. જે માણસ સર્વજ્ઞ, અનાદિ, સૌના નિયંતા, સૂક્ષ્મથીયે અતિ સૂક્ષ્મ, સૌનું ધારણ-પોષણ કરનાર, અચિંત્ય સ્વરૂપ, સૂર્ય સમાન નિત્ય પ્રકાશસ્વરૂપ અને અવિદ્યાથી સાવ જ પર એવા શુદ્ધ સચ્ચિદાનંદઘન પરમેશ્વરને સ્મરે છે, એ ભક્તિયુક્ત માણસ અંતકાળેય યોગબળથી બે ભ્રમરોની મધ્યમાં પ્રાણને સારી રીતે સ્થાપિત કરી નિશ્ચળ મનથી સ્મરતો એ દિવ્યરૂપ પરમ પુરુષ પરમાત્માને જ પામે છે.

વેદને જાણનાર વિદ્વાનો જે સચ્ચિદાનંદઘનસ્વરૂપ પરમપદને અવિનાશી કહે છે, આસક્તિ વિનાના યત્નશીલ સંન્યાસી મહાત્માઓ જેનામાં પ્રવેશ કરે છે તથા જે પરમ પદના ઈચ્છુક બ્રહ્મચારીઓ બ્રહ્મચર્યનું આચરણ કરે છે એ પરમ પદ પામવા માટે બધી ઈન્દ્રિયોના દ્વારોને રોકીને તથા મનને હૃદયપ્રદેશમાં સ્થિર કરીને, પછી એ જીતાયેલ મન વડે પ્રાણને મસ્તકમાં સ્થાપીને, પરમાત્મસંબંધી યોગધારણામાં સ્થિત થઈને "ૐ" એ એક અક્ષરસ્વરૂપ બ્રહ્મને ઉચ્ચારતાં અને એના અર્થસ્વરૂપ મુજ નિર્ગુણ બ્રહ્મનું ચિંતન કરતાં શરીરને છોડી જવાય તો એ માણસ પરમ ગતિને પામે છે. જે માણસ મારામ અનન્ય ચિત્ત થઈને સદાય નિરંતર મુજ પરમેશ્વરને સ્મરે છે, એ નિત્ય નિરંતર મારામા જોડાયેલા યોગીને માટે હું સહજ સુલભ છું એટલે કે સહજ રીતે મળી જાઉં છું. પરમ સિદ્ધિને પામેલા મહાત્માઓ મને પામીને દુઃખોના રહેઠાણ તેમજ ક્ષણભંગુર એવા પુનર્જન્મને નથી પામતા. બ્રહ્મલોક સુધીના સમસ્ત લોકો પુનરાવર્તી જ છે, પરંતુ મને પામીને પુનર્જન્મ નથી થતો; કેમ કે હું કાલાતીત છું અને આ બ્રહ્મા આદિના સમસ્ત લોકો કાળ દ્વારા સીમિત હોવાથી અનિત્ય છે. બ્રહ્માનો જે એક દિવસ છે એને સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિયુગ એ ચાર યુગના એક હજાર વાર થતા આવર્તનમાં લાગતા સમય જેટલો, તેમજ એમની રાત્રિને પણ એટલી જ એટલે કે એક હજાર ચતુર્યુગના સમય

જેટલી યોગીઓ કહે છે, બ્રહ્મલોકને પણ અંત આવતો હોય એ પણ વિનાશશીલ અને અનિત્ય કહેવાય છે. બધાયે જીવો બ્રહ્માનો દિવસ શરૂ થતાં, અવ્યક્તથી અર્થાત્ બ્રહ્માના સૂક્ષ્મ શરીરથી ઉત્પન્ન થાય છે અને બ્રહ્માની રાત્રિ શરૂ થતાં જ એ અવ્યક્ત નામના બ્રહ્માના સુક્ષ્મ શરીરમાં જ લીન થઈ જાય છે.

આ સમસ્ય ભૂત સમુદાય વારંવાર ઉત્પન્ન થઈને પ્રકૃતિને વશ થયેલો રાત્રિ થતાં લય પામે છે અને દિવસ શરૂ થતાં ફરી ઉત્પન્ન થાય છે.

પરંતુ એ અવ્યક્ત કરતાંયે સાવ પર એવો અન્ય એટલે કે વિલક્ષણ જે સનાતન અવ્યક્ત ભાવ છે, એ પરમ દિવ્ય પુરુષ સઘળા જીવોના નષ્ટ થતા છતાંયે નાશ પામતો નથી. જે અવ્યક્ત 'અક્ષર' એવા નામે કહેવાયો છે, એ જ અક્ષર નામના અવ્યક્તભાવને પરમ ગતિ કહે છે તથા જે સનાતર અવ્યક્તભાવને પામીને માણસો પાછા નથી આવતા, એ જ મારું પરમધામ છે. જે પરમાત્માની અંતર્ગત સર્વ ભૂતો છે તથા જે સચ્ચિદાનંદ ઘનસ્વરૂપ પરમાત્માથી આ આખું જગત પરિપૂર્ણ છે, એ સનાતન અવ્યક્ત પરમ પુરુષ તો અનન્ય ભક્તિથી જ પામી શકાય છે. જે કાળે એ માર્ગે આ શરીર છોડીને જનાર યોગીજનો પરત ન આવનારી ગતિને પામે છે અને જે કાળે કે માર્ગે જનાર પરત આવનારી ગતિને જ પ્રાપ્ત થાય છે એ બેઉ કાળ કે માર્ગોને તું જાણ. આ બે માર્ગમાંથી જે માર્ગે જ્યોતિર્મય અગ્નિ-અભિમાની દેવતા છે, દિવસનો અભિમાની દેવતા છે, શુકલ પક્ષનો અભિમાની દેવતા છે અને ઉત્તરાયણના છ મહિનાનો અભિમાની દેવતા છે, એ માર્ગે મૃત્યુ પામીને જનારા બ્રહ્મવેત્તા એટલે કે પરમેશ્વરની ઉપાસના દ્વારા પરમેશ્વરને પરોક્ષ ભાવે ઓળખનારા યોગીજનો આ દેવતાઓ દ્વારા ક્રમે લઈ જવાઈને બ્રહ્મને પામે છે.

અને જે માર્ગે ધુમાભિમાની દેવતા છે. રાત્રીનો અભિમાની દેવતા છે. કૃષ્ણપક્ષનો અભિમાની દેવતા છે અને દક્ષિણાયનનો છ મહિનાનો અભિમાની દેવતા છે, આ માર્ગે મૃત્યુ પામીને જનાર સકામ કર્મ કરનાર યોગી આ દેવતાઓ દ્વારા ક્રમે લઈ જવાઈને ચંદ્રમાની જ્યોતિને પામીને સ્વર્ગમાં પોતાનાં શુભ કર્મોનું ફળ ભોગવીને પાછો આવે છે. કેમ કે આ જગતના બે પ્રકારના શુક્લ અને કૃષ્ણ અર્થાત્ દેવયાન અને પિતૃયાન માર્ગ સનાતન મનાયા છે; આ બેમાંથી એક માર્ગ દ્વારા જનાર, અર્ચિમાર્ગી, જ્યાંથી પાછું નથી ફરવું પડતું, એ પરમ ગતિને પામે છે અને બીજા માર્ગે જમાર ધૂમમાર્ગી ફરી પાછો આવે છે એટલે કે જન્મ-મરણને પામે છે. આ બેઉ માર્ગોને તત્વથી જાણીને કોઈ પણ યોગી મોહિત થતો નથી. પછી એ નિષ્કામભાવે સાધના જ કરે છે. કામનાઓમાં ફસતો નથી. માટે તું પણ સર્વ કાળે સમબુદ્ધિસ્વરૂપ યોગથી યુક્ત થા અર્થાત નિરંતર મને પ્રાપ્ત કરવા માટે સાધન કરનાર થ. યોગી મનુષ્ય આ રહસ્યને તત્વથી જાણીને વેદોના વાંચનમાં, યજ્ઞ, તપ તેમજ દાન આદિ કરવામાં જે પુણ્યફળ કહ્યું છે, એ સર્વને નિ:શંકપણે ઓળંગી જાય છે અને શાશ્વત પરમ પદને પામે છે.

માટે જ સહુ કોઈએ હર પળ, હર ક્ષણ, પરમકૃપાળુ પરમાત્મામાં લીન રહેવું જોઈએ. તો જ ફળસ્વરૂપ પરમ પદની લબ્ધી થશે.

**સહતંત્રી - શ્રી જગતભાઈ દવે**
**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ
## ૩૨મું રાષ્ટ્રીય અધિવેશન. તા. ૨૯-૧૨-૨૦૧૯
## સૌજન્ય - શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદ
**સ્થળ - સરદાર પટેલ બેન્કવેટ હોલ, ડી.ઝેડ સ્કૂલ સામે, ૮૦ ફૂટ રોડ, આણંદ**

દર વર્ષની માફક, ડિસેમ્બર માસના છેલ્લા રવિવારે યોજવામાં આવતું બાજખેડાવાળ હિતવર્ધક સભાનું વાર્ષિક અધિવેશન આ વર્ષે આણંદ ખાતે તા. ૨૯-૧૨-૨૦૧૯ને રવિવારે કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલ હતું. વહેલી સવારથી જ સમાજના સભ્યો આવવાના શરૂ થઈ ગયા હતા. શિયાળાની કડકડતી ઠંડીમાં સવારે સૌનું ગરમ ગરમ ઉપમા અને ચા-કોફીથી સ્વાગત કરવામાં આવ્યું અને અરસપરસ વાતોના તડાકા સાથે સૌએ કુમળા તડકામાં એનો આનંદ માણ્યો.

નિયત સમયે મહેમાનો પણ આવી ગયા અને સહુ હોલમાં બિરાજમાન થતાં, અશોકદાન ગઢવીના હલકભર્યા ઘેઘુર કંઠે ગવાયેલ સ્તુતિ થકી ગણેશ પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત થઈ. સૌએ ભાવવિભોર થઈ પ્રાર્થનાનો ભાવ અનુભૂત કર્યો. સૌ મહેમાનો અને જ્ઞાતિજનોનું અધિવેશનના આયોજક આણંદ બાજખેડાવાળ મંડળના પ્રમુખશ્રી કિરીટભાઈ દવે દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું અને અધિવેશન ઉદ્‌ઘાટન માટે ઉદ્‌ઘાટકશ્રી શ્રીયુત ભટ્ટ સાહેબને દીપ પ્રાગટ્ય માટે વિનંતી કરવામાં આવી. હોલમાં બેઠેલા આબાલવૃદ્ધ સૌએ આ દીપ પ્રાગટયોદ઼ ઘાટન ને તાળીઓના ગડગડાટથી વધાવી લીધું.

પ્રમુખશ્રી રાજેશભાઈએ તેમના પ્રવચનમાં સમગ્ર વર્ષ દરમિયાન યોજાયેલ પ્રવૃત્તિઓમાં સહુના સુંદર સહકાર બદલ સૌનો હાર્દિક આભાર માન્યો. હજુ વધુ ને વધુ સંખ્યામાં વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થવા અને સંસ્થાને પ્રસંગોપાત વિવિધ દાન ભેટ દ્વારા વધુ ને વધુ સહાયભૂત થવા અપીલ કરી. અધિવેશનના અધ્યક્ષશ્રી અરૂણભાઈ શેલતે આટલી બહોળી સંખ્યામાં હાજર રહેવા બદલ સૌનો આભાર માન્યો. સૌ દાતાઓનો પણ તેમણે હાર્દિક આભાર માન્યો અને વિધવા સહાયના આ સુંદર અભિગમીય કાર્યક્રમને સબળ બનાવવા માટે અભિનંદન પાઠવ્યાં.

મંત્રીશ્રી જગતભાઈએ સંસ્થાનો વિસ્તૃત અહેવાલ આપ્યો અને નાનકડી રકમથી શરૂ થયેલ વિધવા સહાય કેવી રીતે વરસોવરસ આજની સ્થિતિએ પહોંચી છે તેની સૌને હળવી ઝાંખી આપી. સૌનો એક સામાન્ય મત હતો કે ટૂંક જ સમયમાં આ વિધવા સહાયની રકમમાં સારો એવો વધારો કરી ૨૫૦૦/- સુધી પહોંચાડવી. આ ભગીરથ કાર્ય સહુએ જ્ઞાતિ સમુદાયના સહકાર સાથે જ કરવાનું છે એ સૌએ વારંવાર દોહરાવ્યું અને સૌના મનમાં ઠસાવ્યું.

સમારંભમાં પધારેલ સહુ મહેમાનોને, વિવિધ ગામોના પ્રમુખોને, સંસ્થાના સક્રિય કાર્યકરોને અને આ સુંદર કાર્યક્રમમાં સહાયભૂત થનાર સહુએ સહાયક ભાઈઓ બહેનોને સ્મૃતિ ભેટ આપી એમનાં કાર્યોને બિરદાવવામાં આવ્યાં.

અધિવેશનના ઉદ્‌ઘાટક શ્રીયુત ભટ્ટ સાહેબે એમના સુંદર, સચોટ અને બહુ જ માર્મિક, પણ સંદેશવાહક પ્રવચનમાં, સૌ જ્ઞાતિજનોને સુંદર સૂચનો કર્યા અને સેવાના આ ભગીરથ

કાર્યમાં વધુ ને વધુ સહાયભૂત થવા આપીલ કરી. સૌને એમને કહ્યું કે જ્ઞાતિગંગાના આ સતત વહેતા જ રહેતા પ્રવાહમાં તમે જેટલી ડૂબકી વધુ મારશો એટલો વધુ લાભ તમને મળશે એ નિ:શંક છે. કેટલું પામવું અને કેટલું ખોવું એ સમગ્રપણે તમારા પોતાના જ હાથમાં છે માટે આ સહાયભૂત થવાની સરવાણીમાં જેટલા નવાય એટલા નાહી લો એ જ સહુને માટે લાભદાયક છે.

મંચસ્થ બીજા મહેમાનોએ પણ સહુએ આ જ વાતને ફરી ફરી દોહરાવી અને આ સુંદર સામાજિક કાર્યના વધુ ને વધુ અસરકારક અમલ માટે સક્રિયપણે કાર્યરત થવા અપીલ કરી. સભાખંડમાં બેઠેલા સહુ જ્ઞાતિજનોએ પણ સહુ મહેમાનો દ્વારા રજૂ થયેલ વાતોને અને મુદ્દાઓને પ્રસંગોચિત અનુમોદન આપ્યું અને એને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી.

છેલ્લાં ઘણાં વર્ષોથી ખૂબ જ સક્રિયપણે કાર્યરત રહી સંસ્થાને આર્થિક અને સામાજિક રીતે સદ્ધર, સક્ષમ અને સક્રિય રીતે કામ કરતી બનાવવામાં જેમનો સિંહફાળો રહેલો છે એવા શ્રી કિરીટભાઈ દવેના અતિ મૂલ્યવાન યોગદાનને લક્ષમાં લઈ એમનું સન્માન કરવામાં આવ્યું અને એક સુંદર સ્મૃતિપત્ર એમને સહુએ કારોબારી સભ્યો દ્વારા અર્પણ કરવામાં આવ્યું. સમગ્રતયા વિકાસલક્ષી અભિગમની સૌ જ્ઞાતિજનોએ જે નોંધ લીધી એ બાબત એમના હૃદયને પણ ખૂબ સ્પર્શી ગઈ અને એનો આભારદર્શી ઉલ્લેખ કરતાં એ ગળગળા પણ થઈ ગયા હતા.

સવારના અધિવેશન કાર્યક્રમના અંતિમ ચરણમાં શ્રી પ્રણવભાઈ જોશીએ આજના અધિવેશનના આ મહદ કાર્યક્રમમાં એક યા બીજી રીતે સહાયભૂત થનાર સહુ કોઈનો હાર્દિક આભાર માન્યો અને ભોજનના રસાસ્વાદ માટે સૌ જ્ઞાતિજનોને આમંત્રણ આપ્યું.

અધિવેશનના દ્વિતીય ચરણમાં, જાણીતા લોકગાયકશ્રી નિર્મલદાન ગઢવીએ એમની ખૂબ જ રસતરબોળ વાણીમાં સૌને રસાસ્વાદિત કરી દીધા. બધા જ જ્ઞાતિજનો, નાનાં મોટાં સહુ કોઈએ બહુ જ આનંદપૂર્વક આ ડાયરા જેવા સુંદર કાર્યક્રમને માણ્યો.


સહુએ નિર્મલદાન ગઢવીએ બહુ જ આનંદ કરાવ્યો. તેમણે સમાજમાં બ્રાહ્મણની મહત્તા અને જરૂરીયાત ઉપર સુંદર કાવ્યાત્મતા અને સંગીત સાથે સુંદર અનુભૂતિ સૌને કરાવી.

આવતા વર્ષ વડોદરા ખાતે મળવાના એક મનોમન દૃઢ સંકલ્પ સાથે સાંજે સહુ સુંદર વિદાયભેટ રૂપે સંભારણું લઈ છુટા પાડ્યા.

**સંકલન – શ્રી જગતભાઈ દવે**

**મંત્રી – શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/–ના દાતા



**સ્વ. શ્રી નારાયણપ્રસાદ કૃષ્ણપ્રસાદ શુક્લ**

**જન્મ તા. ૧૨–૦૧–૧૯૪૨      સ્વર્ગવાસ તા. ૦૨–૦૧–૨૦૨૦**

શ્રી નારાયણપ્રસાદ કૃષ્ણપ્રસાદ શુક્લનો જન્મ તા. ૧૨–૧–૧૯૪૨ના રોજ આણંદના વતની શ્રી કમળાલક્ષ્મી તથા સ્વ. શ્રી કૃષ્ણપ્રસાદ હરિપ્રસાદ શુક્લને ત્યાં થયો હતો. આઠ ભાઈ–બહેનનાં સંયુક્ત કુટુંબમાં સૌથી મોટાભાઈ એવા શ્રી નારાયણપ્રસાદ શુક્લ પરિવારનાં એક સજ્જડ સ્તંભ સમા હતા. તેઓના ઉચ્ચ અભ્યાસ બાદ ઉમરેઠનાં વતની શ્રી ચંદ્રબાળાબેન તથા જીતુભાઈ ઠાકરના સુપુત્રી સાથે ૨૭–૭–૧૯૬૮નાં રોજ લગ્નગ્રંથિથી જોડાયા હતા. તેમને સંતાનમાં બે પુત્રો શ્રી નિરજ નારાયણપ્રસાદ શુક્લ તથા શ્રી મિલિન્દ નારાયણપ્રસાદ શુક્લ છે.

નારાયણપ્રસાદ કૃષ્ણપ્રસાદ શુક્લ એક નિવૃત્ત ડી.વાય.એસ.પી. તરીકે એક સિદ્ધાંતવાદી, શિસ્તબદ્ધ જીવનશૈલી ધરાવતા હતાં. ૩૩ વર્ષની એમની પોલિસખાતાની નોકરીમાં પોતાના પિતાશ્રીના અને એક ઉચ્ચ બ્રાહ્મણકુળનાં સંસ્કારો જાળવી સંપૂર્ણ સીધુ, સરળ જીવન વ્યતિત કર્યું. પોતાના નાનાભાઈઓને પિતાની હૂંફ, ફરજ અને લાગણીથી સંપૂર્ણ માર્ગદર્શન આપી આગળ વધવામાં મદદ કરી. એક પ્રામાણિક, સિદ્ધાંતવાદી, નિષ્ઠાવાન ઉચ્ચ પોલિસ અધિકારી હોવાનાં કારણે રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિ એમનાં રોજિંદા જીવનક્રમમાં વણાયેલાં હતાં. નિવૃત્ત જીવનમાં પણ પોતાના સિદ્ધાંત, શિસ્ત, નિયમિતતા અને આજના નવા જમાના સાથે સુસંગતતા જાળવી એક ઉદાહરણરૂપ જીવન વ્યતિત કર્યું. એક તંદુરસ્ત, નિર્વ્યસની અને આદર્શ જીવન જીવનારા શ્રી નારાયણપ્રસાદ શુક્લ સમગ્ર બાજખેડાવાળ સમાજનું ગૌરવ છે.

જય શ્રીકૃષ્ણ

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૩૧૦૨/-ના દાતા

## શ્રદ્ધાંજલી



**ઈંદ્રવદન દયાશંકર દવે અને ચંદ્રિકાબેન ઈંદ્રવદન દવે**

**ઈં**દ્ર સમાન તેજસ્વી અને હરપળ હસતું, જેમનું મુખારવિંદ હતું.

**દ્ર**વી ઉઠતા હતા, જે કુટુંબના નાના મોટા હર કોઈની નાનીશી પીડા થકી પણ

**વ**રૂણ સમ જેમની હાજરીથી ચોમેર શાતા વ્યાપતી હતી.

**દ**યાનો અખૂટ ભંડાર જે ધરાવતા હતા અને વહાવતા પણ હતા,

**ન**મન કરતા હતા જે કુટુંબના હર કોઈની સારી ભાવનાને

દયાશંકર પરિવારના જે અમૂલ્ય અને અણમોલ હીરા સમ હતા, દરેક નાના મોટા હર એક પારિવારિક સભ્યોના જે બહુ જ માનીતા હતા. વેદ અને વિજ્ઞાન બંનોનો જેમણે જીવનમાં સુંદર સમન્વય સાધ્યો હતો. એવા અમારા સહુના વડીલશ્રી ઈન્દ્રવદન દયાશંકર દવે, આપ એક બ્રહ્મઆત્મા સમ જીવન જીવી ગયા.

મકરસંક્રાતિના અતિ પવિત્ર દિને, બ્રહ્મ મુહૂર્તમાં દેહત્યાગ કરી આપ બ્રહ્મલોકવાસી બની ગયા અને અમને સૌને છોડી ગયા, પરમ કૃપાળુ પરમાત્માને અમે સહુ અહર્નિશ પ્રાર્થના કરીશું કે આપના દિવંગત દિવ્ય આત્માને ચિરશાંતિ અર્પે અને અમને સહુને આપની વસમી વિદાયને સહન કરવાની સૂઝબુઝ અને શક્તિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના.

| | | | |
|---|---|---|---|
| સ્વ. દયાશંકર હરિશંકર દવે | મિહીર ઈન્દ્રવદન દવે | હરીશકુમાર દયાશંકર દવે | કિરીટકુમાર મંગપ્રસાદ દવે |
| સ્વ. જશોદાબેન દયાશંકર દવે | હેતલ મિહીર દવે | ભારતીબેન હરીશકુમાર દવે | કલ્પનાબેન કિરીટકુમાર દવે |
| સ્વ. મંગુપ્રસાદ દયશંકર દવે | વિવેકકુમાર અશ્વિનભાઈ દવે | નીરવ હરીશકુમાર દવે | રૂચીર કિરીટકુમાર દવે |
| સ્વ. ઉર્મિલાબેન મંગુપ્રસાદ દવે | હેતલબેન વિવેકકુમાર દવે | સ્મૃતિ નીરવ દ વે | રિદ્ધી રૂચીર દવે |
| સ્વ. ચંદ્રિકાબેન ઈન્દ્રવદન દવે | નિલેશકુમાર નવલસિંહ ડોડીયા | પ્રવિણાબેન દેવેન્દ્ર દવે | જયેન્દ્રકુમાર શીવપ્રસાદ દણાંક |
| સ્વ. દેવેન્દ્ર દયાશંકર દવે | નિરલબેન નિલેશકુમાર ડોડીયા | ઉત્પલ દેવેન્દ્ર દવે | હરસુતાબેન જયેન્દ્રકુમાર દણાંક |
| સ્વ. રમેશચંદ્ર મોતીલાલ દવે | પ્રણવકુમાર શશીકાંતભાઈ જોષી | દક્ષાબેન ઉત્પલ દવે | ધારીણીબેન રમેશચંદ્ર દવે |
| સ્વ. શૈલેન્દ્ર મંગુપ્રસાદ દવે | દિજ્ઞાબેન પ્રણવકુમાર જોષી | નિમેષકુમાર સુરેન્દ્રભાઈ ધગટ | કૌશલ યોગેશભાઈ દણાંક |
| પ્રજ્ઞાબેન શૈલેન્દ્ર દવે | દર્શન રમેશચંદ્ર દવે | બંસરી નિમેષકુમાર ધગટ | દેવાંશી કૌશલ દણાંક |
| શૈલ શૈલેન્દ્ર દવે | નીમા દર્શન દવે | | જતીન શાંતિલાલ ઠાકર |
| પિમલકુમાર દિપકકુમાર ભટ્ટ | ખંજન જયેન્દ્રકુમાર દણાંક | | શિવાંગી જતીન ઠાકર |
| પુજા પિમલકુમાર ભટ્ટ | જયના ખંજન દણાંક | | |

તુલસી, રિદ્ધી, જય, તૃષા, યાશી, યુતી, દર્શિત, ક્રિર્તન, જીલ, ધ્યાન, રૂત્વા, પ્રથમ, ધન્વી, કાર્તિક, દેવાંશ

**સ્વ. દયાશંકર હરીશંકર દવે પરિવાર**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૨માં રાષ્ટ્રીય અધિવેશનના મુખ્ય મહેમાનશ્રી



**ડો. ભરતકુમાર આર. ભટ્ટ**
**ડૉ. કોકિલાબેન બી. ભટ્ટ**

કહેવાયું છે ને જનની અને જન્મભૂમિ સ્વર્ગ કરતાં પણ ચડિયાતી છે આ ભાવ ડૉ. ભરતભાઈના સૂરમાં ચરિતાર્થ થતો દૃશ્યમાન થાય છે.

પિતા રવિશંકર છોટાલાલ ભટ્ટ – સાધુ જીવડો, તો વળી માતા શાન્તાબહેન રવિશંકર ભટ્ટ ધર્મપરાયણ, કર્તવ્યનિષ્ઠ, પરગજુ તેમજ અતિશય ઉધમી. આમ, આ પ્રસન્ન દંપત્તી – રવિશંકર ભટ્ટ તથા શાંતાબેન ભટ્ટના કુલ આઠ સંતાનો સર્વશ્રી જગદીશચંદ્ર ભટ્ટ, મધુસુદન ભટ્ટ, સુવર્ણાબેન જોશી, પન્નાબેન ઠાકર, સુધીરચંદ્ર ભટ્ટ, ભરતકુમાર ભટ્ટ, કિરણકુમાર ભટ્ટ તથા હરીશકુમાર ભટ્ટ આ શ્રેણીમાં ભરતકુમારનો છઠ્ઠો નંબર.

તા. ૨૮–૧૨–૧૯૫૧ના રોજ માંડવી જિ. સુરત ખાતે ભરતકુમારનો જન્મ થયો અને શરૂ થઈ જીવનની સફર.

ધો–૫ સુધીનું પ્રાથમિક શિક્ષણ ઓલપાડ ખાતે મેળવ્યું તેમજ ધો. ૬ થી એસ.એસ.સી. સુધીનું શિક્ષણ એચ. એમ. દવે ઉચ્ચત્તર માધ્યમિક શાળા–ઉમરેઠ ખાતે મેળવ્યું. ૧૯૬૮માં કુમાર ભરત જ્યારે એસ.એસ.સી.માં હતા ત્યારે આખાય ઉમરેઠ સેન્ટરમાં તે પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થયા હતા.

કળતર હોય, નડતર હોય છતાં પણ જેને કેડી કંડારવી છે તે, તો પગદંડી બનાવીને ચાલ્યા જ કરે છે. ત્યારબાદ વી. પી. સાયન્સ કોલેજ – વલ્લભવિદ્યાનગર ખાતે પ્રી સાયન્સનો અભ્યાસ કરે છે તે દરમિયાન તેઓ શ્રી બાજખેડાવાળ છાત્રાલયમાં જ નિવાસ કરે છે. એમ. એસ. યુનિવર્સિટી વડોદરા ખાતે પ્રી. મેડીકલનો અભ્યાસ મેડીકલ કોલેજ વડોદરા ખાતે તેમજ મેડીકલનો અભ્યાસ મેડીકલ કોલેજ વડોદરા ખાતે કરે છે. ૧૯૭૬માં પી.એચ.સી. શિવરાજપુર ખાતે નોકરીમાં જોડાય છે. ૧૯૭૭માં સરકારી હોસ્પિટલ રાજપીપળા ખાતે જોડાય છે.

તા. ૧૫–૫–૧૯૭૮ રોજ અમદાવાદ મણિનગર નિવાસી નરેન્દ્રભાઈ ભટ્ટ તથા સુવર્ણાબેન ભટ્ટના સુપુત્રી ડૉ. કોકિલાબેન ભટ્ટ સાથે પ્રભુતાના પગલાં માંડે છે તો, ડૉ. કોકિલાજી પણ દૂધમાં સાકર ભળે તેમ ભટ્ટ પરિવારમાં ભળી જાય છે.

ઈ.સ. ૧૯૮૧ની સાલ ભરતભાઈના જીવનમાં નવી આશાના કિરણો તેડી લાવે છે. આરોગ્ય મંત્રાલય–ઝામ્બિયા ખાતે બે વર્ષના કોન્ટ્રાક્ટથી લુસાકા ખાતે તેઓ જાય છે. પછી તો તે કોન્ટ્રાક્ટ ચાલુ રહે છે અને ઝામ્બિયા તેમની કર્મભૂમિ બની જાય છે. ૧૯૮૭માં Z.C.C.M. Cooper Mines Hospital માં જોડાય છે, તે સેવાઓ વર્ષ ૨૦૦૨ સુધી અવિરત રહે છે. સોનામાં સુગંધ ભળી ૨૦૦૨માં જ્યારે તેઓ પોતાનું દવાખાનું ખોલે છે. તે આજસુધી કાર્યરત છે. ડૉ. ભરતભાઈ તથા ડૉ. કોકિલાબેનના બે સંતાનો પૈકી મોટા દીકરા ચિ. ચિરાગ ભટ્ટ જે હાલ અમેરિકા સ્થાયી છે. તેમના પત્ની આરતી ભટ્ટ તેમજ દીકરી દિયા ભટ્ટ આનંદ –ઉલ્લાસથી રહે છે તથા બીજા દીકરા ડૉ. હાર્દિક ભટ્ટ કેનેડા સ્થાયી છે.

ડૉ. ભરતભાઈ દાક્તરી વ્યવસાય ઉપરાંત ઝામ્બિયા ખાતે વિવિધ શૈક્ષણિક, ધાર્મિક, સામાજિક પ્રવૃત્તિઓમાં પણ ખૂબ જ સક્રિયતાથી રસ લે છે. એ પછી Ndola હિન્દુ સમાજની વાત હોય, લ્યુઆન્સા હિન્દુ સમાજની વાત હોય, રોટરી કલબની વાત હોય તેમજ વર્ષ ૨૦૦૫માં લ્યુઆન્સા હિન્દુ એસોસિએશનના પ્રમુખ તરીકે તેમજ મિશન મેડીકેર સંસ્થામાં તે સૌમાં તેમના સેવાની સુવાસ અત્તરની જેમ મહેંકી રહી છે. તેમની તમામ પ્રવૃત્તિઓમાં તેમના અર્ધાંગીની ડૉ. કોકિલાબેન ભટ્ટ પણ સુસજ્જતાથી તેમની પડખે જ ઉભા રહ્યા છે.

વ્યવસાયે ડૉ. કોકિલાબેન દાંતના નિષ્ણાંત તબીબ છે.

ખરેખર ! આ તબીબ બેલડીની આટલા લાંબા ગાળાની સેવા સાધના તેમજ ઘડાયેલી કારકિર્દીના મૂળમાં માતા શાંતાબેન તથા પિતા રવિશંકર ભટ્ટના સંસ્કારો જ છે. ભરતભાઈ સ્વભાવે ખૂબ જ લાગણીશીલ છે તેઓ આટલા વર્ષોથી વિદેશ છે છતાં આટલા દૂરથી પણ તેમનો પ્રેમ રામાયણના 'ભરત' જેવો છે. તેઓ કૌટુંબિક જવાબદારીઓ પણ સાતત્યપૂર્વક નિભાવી રહ્યા છે.

આજે ગૌરવપૂર્વક સમાજમાં આ હૃદયસ્થ રવિશંકર છોટાલાલ ભટ્ટ પરિવાર દિવ્યતા અને ભવ્યતાથી પોતાની આગવી સોડમ પ્રસરાવી રહ્યા છે.

## શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

બાજખેડાવાળ હોલના મેનેજર બિપીનભાઈ ભટ્ટ સ્વૈચ્છિક રાજીનામું આપી હોલમાંથી મેનેજર તરીકે સેવા નિવૃત્ત થયેલ છે. હવે પછી બાજખેડાવાળ સમાજની કોઈપણ કાર્યવાહી તેમની સાથે કરવી નહીં અને કરો તો તમારી અંગત જવાબદારી પર કરવી. હોલમાં નવા મેનેજર તરીકે રમેશભાઈની નિમણૂંક કરી છે. સવારે ૮.૩૦ થી ૧.૦૦ અને બપોરે ૩.૦૦ થી ૬.૩૦ ઓફિસનો સમય રહેશે. મોબાઈલ નંબર ઉપર મુજબનો ચાલુ છે. અનિવાર્ય સંજોગોમાં કોઈ જરૂર ઊભી થાય તો (મો.) ૯૮૨૫૧૮૯૪૪૭ કિરીટકુમાર દવેનો સંપર્ક સાંધવો.

ખાસ નોંધ – બાજખેડાવાળ પત્રિકામાં જન્માક્ષર તથા અન્ય કામ માટે વિદ્યાનગર ઓફિસે મળવું. આણંદ ઓફિસે આ રકમ સ્વીકારવામાં આવશે નહીં.

**કિરીટકુમાર દવે** — **રાજેશકુમાર દવે**
**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**
**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

## સુરત બાજખેડાવાળ મહિલા મંડળ

૭/૨૪૫૬, જબરેશ્વર મહાદેવ ચોકી શેરી, સૈયદપુરા, સુરત –૩૯૫૦૦૩

ધન્ય છીએ કે મળીએ છીએ, માસમાં એક વાર સાથે છે બહેનોના ઉત્સાહનો સથવારો નહી છોડીએ સાથ એકબીજાનો હરહમેશ ગુંથાયો છે. એવા પરસ્પર પ્રેમ અને વિશ્વાસ.

(૧) તા. ૯–૧૧–૧૯ને શનિવારે ૪.૦૦ કલાકે શ્રી સ્વામિનારાયણ મંદિરનાં પટાંગણમાં ભક્તિના પુર અને રમત રમવાની અભિલાષા સાથે બહેનો મળી હતી.

લખવાની રમતમાં પ્રથમ જયશ્રીબેન એમ. દવે, દ્વિતીય કૃણાલબેન દવે મેદાન મારી ગયા.

(૨) તા. ૪–૧૨–૧૯ને શનિવારે–૨૦૧૯ના વર્ષની આખરી મિટિંગમાં ૨૦૧૯ને વળાવવા તથા ૨૦૨૦નાં વર્ષને આવકારની વધાણી તથા સ્પોન્સર આશાબેન ઠાકરને પણ લગ્નદિનની વધામણી સાથેની મિટીંગ મળી હતી.

પ્રાર્થના – આશાબેન ઠાકરે કરી તથા આવકાર–પ્રમુખ તિલોત્તમાબેન દવેએ આપ્યો હતો.

રમતો – લખવાની (૧) લત્તાબેન ઠાકર (૨) ભાવનાબેન કંચનવાળા તથા પિનલબેન ભટ્ટ રહ્યા, હાઉઝી – હાઉઝી રમવાની – બહેનોની પ્રિય રમત રમ્યા હતા.

અંતે આશાબેનની વાનગીઓનો આનંદ માણ્યો હતો. ત્યારબાદ સ્વગૃહે વિદાય લીધી.

તા. ૪–૧–૨૦૨૦ની નવા વર્ષને લોપાબેન જે. દવેએ મિટીંગ દ્વારા આવકાર્યું હતું. મિટીંગ, વિવેકાનંદ બાગનાં મનભાવન વાતાવરણમાં રાખી, બહેનોનાં ઉત્સાહને બેવડાવ્યો હતો.

મિટીંગની શુભ શરૂઆત લોપાબેનના પુત્રો – ચિ. તિર્થ અને અથર્વએ કરાવી હતી. ઉપ–પ્રમુખ રોહિતાબેન ત્રિવેદીએ સહુને ભાવભીનો આવકાર આપ્યો હતો.

વાતો, હાઉઝીનો આનંદ માણી પ્રમુખની ટકોર રાત પડી ઘર જાને બાળા દ્વારા સતેજ થઈ લોપાબેનનાં ગરમાગરમ સેવ ઉસળને ન્યાય આપી ફરીને મળવા સહુ છુટા પડ્યા હતા.

**તિલોત્તમા દવે–પ્રમુખ**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

ઓફિસ - શ્રી નિર્મળાબેન જે. દેસાઈ, "મંગલમ સ્ટોર્સ", ઈચ્છાબેનની વાડીની બાજુમાં,
પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ. ફોન - ૨૫૪૬૬૭૫૧, ૯૩૨૮૨૩૦૬૭૦

**પિકનિક**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદની પિકનીક તા. ૧૬-૨-૨૦૨૦ને રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે નળ સરોવર (મારી વાડી) સ્થળે યોજાશે. જેઓને આવવાની ઈચ્છા હોય તેમણે ઉપર મુજબ ફોન પર નામ લખાવી "મંગલમ્ સ્ટોર્સ" પર રૂ. ૫૦૦/- ભરી દેવા. નામ લખાવાની છેલ્લી તારીખ ૧૦-૦૨-૨૦૨૦ સુધીમાં પૈસા ભરી દેવા.

**અન્નપૂર્ણા સહાય યોજના**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ અમદાવાદ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત ડાકોર-ઉમરેઠ સ્થિત જરૂરીયાતમંદ જ્ઞાતિજનોનો દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી પહોંચતી કરવામાં આવે છે. આ ઉપરાંત ઋતુ મુજબ અને વાર તહેવાર મુજબ સમાજના ઉદાર દાતાશ્રીઓ તરફથી શાલ, સાડી, ડ્રેસ, ચીકી, કચરીયું (ઉત્તરાયણના તહેવાર નિમિત્તે) વગેરે વસ્તુ માટે દાન ફંડ મળતા રહે છે અમો આ સર્વે દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

(૧) સ્વ. શ્રી શારદાબેન મૂળજીભાઈ પંડ્યાના સ્મરણાર્થે હસ્તે શ્રી ભારતીબેન મહેન્દ્રભાઈ દવે શ્રી ભરતભાઈ મૂળજીભાઈ પંડ્યા રૂ. ૧૧,૦૦૦/- (૨) સ્વ. શ્રી વિમળાબેન રમેશચંદ્ર પાઠકના સ્મરણાર્થે શ્રી ભાવનાબેન અમીતભાઈ ભટ્ટ તરફથી રૂ. ૨૦૦૦/- (૩) શ્રી ભારતીબેન મહેન્દ્રભાઈ દવે રૂ. ૩૬૦૦/- (૪) શ્રીમતી જ્યોતિબેન અમીતભાઈ ત્રિવેદી તરફથી સ્વ. પ્રભાવતીબેન રવિન્દ્રભાઈ ત્રિવેદીના સ્મરણાર્થે રૂ. ૫૦૦૧/-

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ અમદાવાદ

કોમ્પીટીશન - આગામી જૂન માસમાં દર વર્ષની જેમ જ (૧) ડાન્સ કોમ્પીટીશનનું આયોજન કરેલ છે તે સાથે (૨) સંસ્કૃતમાં શ્લોક બોલવાની કોમ્પીટીશન (3) ક્વીઝ - કોન્ટેસ્ટ પણ યોજાશે જે બાળકો મહિલાઓ - યુવક - યુવતીઓ આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ ઉપરોક્ત ટે.નં. પરકોન્ટેક્ટ કરી જરૂરી માહિતી મેળવીને પોતાના નામ નોંધાવી દેવા.

| મંત્રીશ્રી | પ્રમુખ |
|---|---|
| બેલાબેન દેસાઈ / ભોપીબેન ભટ્ટ | કલ્પનાબેન ખંભોળજા |

## શ્રી અમરેશ્વર મહાદેવ - વારાહી માતા - કાળકા માતા તથા જલારામ બાપા ટ્રસ્ટ ઉમરેઠ

વારાહી માતા મંદિર, વારાહી ચકલા, ઉમરેઠ-૩૮૮૨૨૦ (ગુજરાત)

સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે આપણા બાજખેડાવાળ જ્ઞાતિજનોનું અધિવેશન આણંદ મુકામે યોજવામાં આવ્યું હતું. અધિવેશનના સમારંભ દરમ્યાન શ્રી વારાહી માતાજી ટ્રસ્ટ ઉમરેઠ વતી પ્રમુખશ્રી સુરેશભાઈ જોષીએ અધિવેશનના અગ્રગણ્ય મહાનુભાવોનું શ્રી વારાહી માતાજીના

ચંડીપાઠના પુસ્તકને અર્પણ કરી તેમનું બહુમાન કરેલ અને સર્વે ઉપસ્થિત જ્ઞાતિજનોને શુભેચ્છા પાઠવી હતી.

બીજું તા. ૨–૧–૨૦૨૦ થી તા. ૦૯–૦૧–૨૦૨૦ દરમ્યાન ઉમરેઠના સંતરામ મંદિર આયોજીત ભાગવત સપ્તાહ કથા ની પોથી યાત્રાનું સ્વાગત શ્રી વારાહી માતા મંદિરે પ્રમુખ સુરેશભાઈ જોષી દ્વારા કરવામાં આવેલ હતું. પોથી યાત્રામાં પધારેલ સંતો તેમજ મહન્તોનું તથા ઉમરેઠ સંતરામ મંદિરના મહંતશ્રી પૂ. ગણેશદાસજીનું શાલ ઓઢાડી તેમજ પુષ્પગુંછ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉમરેઠના ચકલાના રહીશો તેમજ અન્ય ભાગવત સપ્તાહના વક્તાશ્રી કંનકેશ્વરી દેવીનું સ્વાગત ઉમરેઠ નગરપાલિકાના વોડ નં. –૫ના કાઉન્સીલર (ભાજપ) શ્રીમતી નિલાબેન સુરેશભાઈ જોષી તરફથી શાલ ઓઢાડી તેમજ માતાજીની છબી અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. કથાના પ્રસંગ દરમ્યાન કથામંચની સંપુર્ણ વ્યવસ્થા શ્રી સુરેશભાઈ જોષીએ કરી હતી. આપણા ટ્રસ્ટના અમરેશ્વર મહાદેવમાં થતા નવીરૂમોના બાંધકામમાં રોકડ નાણાનું દાન કરી સાથ–સહકાર આપણા વિનંતી છે. રૂ. ૧ લાખથી વધુ રકમ આપનારની તક્તિ મુકવામાં આવશે.

**સુરેશભાઈ જોષી–પ્રમુખ**

## શ્રી સુરત બાજખેડાવાળ સમાજ

૭/૨૪૫૬, જબરેશ્વર મહાદેવ, ચોકી શેરી, સૈયદપુરા, સુરત –૩૯૫૦૦૩ ફોન – ૭૪૧૧૫૪૯

શ્રી સુરત બાજખેડાવાળ સમાજના વર્ષ ૨૦૧૮–૧૦ની સામાન્ય સભા તથા સ્નેહમિલન અને ઈનામ વિતરણનો કાર્યક્રમ તા. ૧૫–૧૨–૨૦૧૯ના રવિવારે સાંજે ૪.૦૦ કલાકે રોટરી હોલ, જીવન ભારતી વિદ્યા સંકુલ, નાનપુરા, સુરત મુકામે યોજાય ગયો. પ્રસ્તુત કાર્યક્રમમાં આમંત્રિત અતિથી વિશેષ શ્રી મેહુલભાઈ દવે (એ.જી.એમ., બી.ઓ.બી.) સમાજના ટ્રસ્ટીશ્રીઓ વ્યવસાય સમિતિના સભ્યો અને તમામ કારોબારી સભ્યો અને જ્ઞાતિજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત વાર્ષિક સાધારણ સભા દ્વારા થઈ જેમાં સમાજના પ્રમુખ ડૉ. કૃષ્ણકાન્ત ભટ્ટ દ્વારા વાર્ષિક અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. તેમજ સમાજના મંત્રી દ્વારા કાર્યસૂચિ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવેલ હતી. નવા વર્ષ માટે ગત વર્ષના પ્રમુખ ડૉ. કૃષ્ણકાંત ભટ્ટને પ્રમુખ તરીકે ચાલુ રાખી તેમને અન્ય હોદ્દેદારોની નિમણૂંક કરવાની સત્તા આપવામાં આવી હતી.

સ્નેહમીલન તેમજ ઈનામ વિતરણ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના તેમજ દિપ પ્રાગટ્ય દ્વારા ટ્રસ્ટીશ્રીઓ અને પ્રમુખ તેમજ ઈનામ વિતરણ કાર્યક્રમનું સંચાલન ડૉ. રૂપેશ દવે દ્વારા કરવામાં આવ્યું. સમાજનાં પ્લેગૃપથી લઈને કોલેજ સુધીના દરેક બાળકોને ઈનામ આપવામાં આવ્યા તેમજ તેમનું સન્માન કરવામાં આવ્યું. અતિથિ વિશેષ દ્વારા સમાજના બાળકો આજના હરીફાઈના યુગમાં આગળ આવે તે બાબતે રસપ્રદ નિવેદન કરવામાં આવ્યું. પ્રમુખશ્રી તેમજ ટ્રસ્ટીશ્રીઓએ સમાજને આગળ લાવવા તેમજ નવા નવા કાર્યક્રમો કરવા અને સમાજ માટે સારી વાડી ઉભી કરવાની રજૂઆત કરવામાં આવી જેને જ્ઞાતિજનોએ સહર્ષ સ્વીકારી લીધી આખા કાર્યક્રમમાં ઈનામ લાવવા માંડીની રૂપરેખા તેમજ સુચારૂ રૂપથી પૂરો કરવા માટે શ્રીમતી પિનલબેન કૃષ્ણકાન્ત

ભટ્ટ, ડૉ. રૂપેશ દવે, શ્રી બિમલ દવે તેમજ શ્રી પ્રદિપ દવે દ્વારા ખુબ જ મહેનત કરવામાં આવેલ જેમનો ખૂબ ખૂબ આભાર. આ તબક્કે સમાજને આર્થિક મદદ કરવા બદલ નીચે જણાવેલ દાતાઓનો ખૂબ ખૂબ આભાર તેમજ સમાજવતી ઋણી સ્વીકારીએ છીએ.

(૧) શ્રી કુમારભાઈ વિનાયકભાઈ દવે રૂ. ૧૦૦૦/– (૨) શ્રી મહેન્દ્રભાઈ એન. મહેતા રૂ. ૧૦૦૦/– (૩) ડૉ. મનીષભાઈ ભટ્ટ રૂ. ૨૦૦૦/– (૪) સ્વ. અલકાબેન જોષી હસ્તક નયનાબેન જી. શેલત રૂ. ૫૦૦/– (૫) શ્રી મુકુંદકુમાર બી. જોષી રૂ. ૧૦૦૦/– (૬) શ્રી કિરણભાઈ ભરતભાઈ પાઠક રૂ. ૧૦૦૧/– (૭) શ્રી જર્નાદનભાઈ દવે રૂ. ૫૦૦/– (૮) કુ. આમ્રપાલીબેન દેસાઈ રૂ. ૧૦૦૦/– (૯) શ્રી ચંદ્રકાન્તભાઈ નર્મદાશંકર દવે રૂ. ૧૫૫૧/–

સમારંભના અંતે ઉપપ્રમુખશ્રી પ્રદિપભાઈ એસ. દવે એ આભારવિધી કરી હતી. અંતમાં સર્વે જ્ઞાતિજનો ભોજન લઈને સહર્ષ છુટા પાડ્યા હતા.

**પ્રમુખશ્રી**

---

## શ્રી બાજખેડાવાળ સમાજ, નડીયાદ

શ્રી બાજખેડાવાળ હોલ, છાગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડીયાદ

ફોન – ૦૨૬૮–૨૫૬૬૩૮૪

શ્રી બાજખેડાવાળ સમાજ–નડીયાદ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તેના અનુસંધાને થઈ ગયેલ કાર્યક્રમો ઉપર એક નજર કરી લઈએ

તા. ૪–૧–૨૦૨૦ ધનુમાસના ખીચડા પાર્ટીનું આયોજન જેમાં રજીસ્ટ્રેશન ફી ફક્ત રૂ. ૫૦/– રાખેલ હતી. જેમાં ૨૨૦ જ્ઞાતિજનો એ ખૂબ જ ટુકી નોટીસમાં ભાગ લઈ સ્વાદીષ્ટ ભોજન સૌ સાથે મળીને લહેજત માણી હતી. કાર્યક્રમનાં કન્વીનર મયંકભાઈ પંડ્યા અને ભાવનાબેન શુક્લ સેવાઓ આપેલ હતી.

તા. ૫–૧–૨૦૨૦ સમાજનાં જ્ઞાતિજનો તંદુરસ્તી રહેશે તો સમાજ ચાલશે જ્ઞાતિજનો માટે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ ૧૦૦ જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો. કોઈપણ ખાનગી લેબમાં આ રીપોર્ટ તા. ૪૦૦૦/– રૂ.નાં દરથી કરી આપવામાં આવે છે. તે રીપોર્ટ સમાજે રૂ. ૧૦૦૦/– રૂમાં લોહીનું પરિક્ષણ કરી તેની ઉપરના બોડીનાં ભાગના અલગ–અલગ જેવા કે કિડની, ડાયાબીટીસ, થાઈરોડ, લીકવીડ પ્રોફાઈલ, બી–૧૨ વગેરે ટેસ્ટ કરાવવામાં આવેલા જેમાં સમાજ તરફથી રૂ. ૫૦૦/–ની રાહત આપવામાં આવેલ અને જ્ઞાતિજનને ફક્ત ૫૦૦/– રૂ.માં જ મેડિકલ કેમ્પમાં ચૂકવી લાભ મળેલ છે. કન્વીનર તરીકે સતીષભાઈ પંડ્યા અને ભાવનાબેન શુકલે સેવાઓ આપેલ સમાજનાં જ્ઞાતિજનો માટે પ્રવાસનું આયોજન કરતા જ રહીએ છીએ તા. ૨૬–૧–૨૦નાં રોજ જગતની મોટામાં મોટી પ્રતિમાથી જેને નામના મેળવી છે. તે સ્ટેચ્યુ ઓફ યુનીટીનાં પ્રવાસ યોજવાનું નક્કી થયેલ શરૂઆતમાં બે બસ લઈ જવી તેવા દ્રઢનિરધારથી પ્રવાસનું આયોજન કરેલ પરંતુ જ્ઞાતિજનોના ધસારાને લીધે ચાર બસ કરવી પડી છે. સુખી ઘરનું પરિવાર સ્ટેચ્યુ ઓફ યુનિટી ગમે ત્યારે જઈએ જોઈ શકે છે. પરંતુ માધ્યમ વર્ગનાં સમાજનાં સભ્યોએ આ રમણીય સ્થળ જોવા જવું હોય તો અંદાજીત વ્યક્તિ દીઠ બે હજારથી અઢી હજાર સુધીનો ખર્ચ થઈ શકે તેને ધ્યાનમાં લેતા સમાજનાં મધ્યમ વર્ગનાં જ્ઞાતિજનોને ધ્યાનમાં રાખી આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રત્યેક દીઠ એક હજાર

રૂપિયા નક્કી કરવામાં આવેલ જેમાં રૂપિયા ચારસો સમાજ તરફથી સબસીડી આપવામાં આવી. જેથી ફક્ત રૂપિયા ૬૦૦/-માં જ્ઞાતિજનોને લાભ આપવામાં આવ્યો. નડીયાદથી પોઈચા, સરદાર સરોવર ડેમ, ફલાવર વેલી, સ્ટેચ્યુ ઓફ યુનીટીથી પરત નડિયાદ જેમાં ચા-નાસ્તો તથા બે ટાઈમનું ભોજન આપવામાં આવેલ સૌ જ્ઞાતિજનોએ આનંદ માણીયો.

**ખેડાવાળ રમતોત્સવ - રમશે ખેડાવાળ...જીતશે ખેડાવાળ**

તા. ૨૬-૧-૨૦૨૦ ખેડાવાળ રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. નડીયાદ શહેરનાં તમામ જ્ઞાતિજનો ૦૫ થી ઉપરનાં તમામ માટે રમતોનું આયોજન કરવામાં આવેલ છે. જે કોઈ જ્ઞાતિજનોએ ભાગ લેવો હોય તો તે માટે જુદા-જુદા છ વિભાગો પાડવામાં આવેલ છે. આપ કાર્યાલયનો સંપર્ક કરી જરૂરી ફોર્મ ભરી જે તે રમતોની યાદી કાર્યાલય પર ઉપલબ્ધ છે. જેમાંથી આપની રમત પસંદ કરી ભાગ લઈ શકશો. ૦૫ થી ૧૫ વર્ષ સુધીનાં બાળકોની રજીસ્ટ્રેશન ફી રૂપિયા ૨૦/- રોકડા જમા કરાવી જરૂરી ફોર્મ ભરવાનું રહેશે. ૦૫ થી ૧૦ વર્ષ સુધીનાં બાળકોની વેશભૂષા પરીધાન રાખવામાં આવેલ છે. જે બાળકો ભાગ લેશે. તમામને આશ્વાસન ઈનામ આપવામાં આવશે. ૧૬ વર્ષથી ઉપરનાં તમામ વ્યક્તિઓ માટે રજીસ્ટ્રેશન ફી રૂપીયા ૫૦/- રોકડા જમા કરાવી જરૂરી ફોર્મ ભરી રમતોમાં ભાગ લઈ શકશો. આ સીવાય કપલો (પતિ-પત્ની)ની રમત રાખવામાં આવેલ છે. દરેક વિભાગમાં ત્રણ-ત્રણ ઈનામ આપવામાં આવશે. ભાગ લેનારને સવારે ચા-નાસ્તો તેમજ બપોરે ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તો આવો ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન આપણે સૌ સાથે મળી બાજખેડાવાળ હોલ છાગેશ્વર મહાદેવ પાસે આવેલ પાર્ટી પ્લોટમાં ખેડાવાળ રમતોત્સવમાં ભાગ લઈએ.

**મેરેજ કોન્ફરન્સ તા. ૨૩-૦૨-૨૦૨૦ રવિવાર**


શ્રી બાજખેડાવાળ સમાજ દ્વારા તૃતીય મેરેજ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે. આપના પરિવારમાં દિકરો કે દિકરી પરણાવાની તૈયારીના ભાગ રૂપે આપના દિકરા-દિકરીને મેરેજ કોન્ફરન્સમાં ઉમેદવારી નોંધાવી સમાજનાં સૌ જ્ઞાતિજનોને મળી પરિચીત થવા માટેનો આ અવસર આપને મળેલ છે. તો આપ જરૂરથી ભાગ લેવડાવશો પ્રત્યેક ઉમેદવાર એક વાલી સહીત રૂપીયા રૂ. ૨૫૦/- ભરવાનાં રહેશે. તેમજ જો કોઈ પણ વાલીને આવવાની ઈચ્છા હોય તો રૂ. ૧૦૦/- અલગથી ભરવાનાં રહેશે. મેરેજ કોન્ફરન્સમાં એક સમય ચા-નાસ્તો અને સ્વરૂચી ભોજન પીરસવામાં આવશે. આપને નમ્ર અરજ છે કે આપના દિકરી તથા દિકરીને મેરેજ કોન્ફરન્સમાં ભાગ લેવડાવો છો ત્યારે ફક્ત ને ફક્ત મેરેજ કોન્ફરન્સની જે બુક તૈયાર થાય છે. તેના માટે આગ્રહ રાખતા આપના દિકરા-દિકરીને સ્ટેજ ઉપર આવી પોતાનો પરિચય આપશે ત્યારે જ તમારી સામે બેઠેલ જ્ઞાતિજનને તમારો પરિચય થશે અને તેમાંથી જ વાત આગળ વધશે એટલા માટે જ આપને અરજ કરીએ છીએ કે મેરેજ કોન્ફરન્સમાં ફોર્મ ભરો ત્યારે સ્ટેજ ઉપર અચૂક આવવાનું રાખશો. મેરેજે કોન્ફરન્સના ફોર્મ ગામેગામ બાજખેડાવાળની ઓફીસ તેમજ સમાજનાં કાર્યાલય પરથી મેળવી શકશો.

બાજખેડાવાળ કાર્યાલય - સમય સવારે ૯.૦૦ થી ૧૧.૩૦, બપોરે ૪.૦૦ થી ૭.૩૦ કાર્યાલય ફોન નંબર ૦૨૬૮-૨૫૬૬૩૮૭ કન્વીનર દિપલ ત્રિવેદી - ૯૮૨૫૧૯૦૨૫૭, સહકન્વીનર કિશન દેસાઈ - ૯૭૨૩૭૫૮૨૭૪

**દિનેશ જોષી**
**મંત્રી**


**પ્રણવ એસ. જોષી**
**પ્રમુખ**

| | | |
|---|---|---|
| Name | : | Ku. Juhi Chidanand Shelat |
| Height | : | 5'-3'' |
| Weight | : | 50 Kg. |
| Birth Date | : | 29-011-1992 |
| Birth Time | : | 09.02 p.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | M.E. in Electornics & IT (France) |
| Profession | : | Business Analyst at B.N.P Paribas (Paris, France) |
| Monthly Income | : | - |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Maya Chidanand Shelat |
| Borther/Sisters | : | 1-Elder Sister-Married |
| Maternal Place | : | Ahmedabad |
| Father | : | Late. Chidanand Harihar Shelat |
| Address | : | 9, Bajkhedawal Society, Maninagar (East),<br>Ahmedabad-08 |
| Mobile No. | : | 9429131017, 9898089993 |
| E-mail | : | juhishelat@yahoo.co.uk,<br>mayacshelat@gmail.com |
| Contact | : | Maya C. Shelat, Nayan Harihar Shelat (Uncle) |
| Address | : | 9, Bajkhedawal Society, Maninagar (East),<br>Ahmedabad-08 |
| Phone | : | 9429131017, 9898089993 |
| Choice | : | Well Educated, Well Cultured & Family Oriented<br>Person, Perferably tall |
| Note | : | Living in France since last 8 Years<br>Coming in February Last Week |
| Gotra | : | Upmanyas |
| Nakshatra | : | Shravan |
| Rashi | : | Makar |
| Nadi | : | Antya |
| Gan | : | Dev |
| Varna | : | Vaishya |
| Yoni | : | Kapi |
| Varg | : | Marjar |




નામ : જહાનવી હેમંત દવે
ઊંચાઈ : ૫'–૪''
વજન : ૬૦ કિલો
જન્મ તારીખ : ૦૬–૧૨–૧૯૯૪
જન્મ સમય : ૦૫.૧૫ સાંજે
જન્મ સ્થળ : જામજોધપુર (જિ. જામનગર)
અભ્યાસ : બી.એસ.સી.
વ્યવસાય : બી.એસ.સી. ઈન હોસ્પીટાલીટી, મેનેજમેન્ટ એન્ડ ટુરીઝમ
માસિક આવક : –
મૂળ વતન : સોજીત્રા
માતાનું નામ : જાગૃતિ દવે
ભાઈ/બહેન : ૧–બહેણ–અપરણિત
મોસાળ : –
પિતા : હેમંત મગનલાલ દવે
સરનામું : ૪૯, ડોસા હાઉસ, ૫–ગનબો સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ–૦૧
ફોન નં. : ૯૮૨૦૮૫૩૧૨૨ (પિતા)
મોબાઈલ નં. : ૯૮૨૦૭૦૦૯૭૧ (માતા)
ઈ–મેઈલ : davejahnvi@ymail.com
સંપર્ક : જાગૃતિ દવે
સરનામું : ૪૯, ડોસા હાઉસ, ૫–ગનબો સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ–૦૧
ફોન નંબર : ૯૮૨૦૭૦૦૯૭૧
પસંદગી : અંડરસ્ટેન્ડીંગ, ડાઉન ટુ અર્થ, શેયર્સ ઈક્વલ રીસ્પોન્સીબીલીટીઝ
નોંધ : –

ગોત્ર : વચ્છસ
નક્ષત્ર : ઉત્તરષાઢા–૩
રાશિ : મકર
નાડી : અંત્ય
ગણ : મનુષ્ય
વર્ણ : વૈશ્ય
યોનિ : નકુલ
વર્ગ : સિંહ




| | | |
|---|---|---|
| Name | : | Chi. Purtha Kamleshbhai Thaker |
| Height | : | 5‘-6’’ |
| Weight | : | 46 Kg. |
| Birth Date | : | 08-03-1996 |
| Birth Time | : | 04.50 a.m. |
| Birth Place | : | Anand |
| Education | : | Bachelor of Physiotherapist Study in Canada-2018-20 |
| Profession | : | Student Visa |
| Monthly Income | : | - |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Chhayaben |
| Borther/Sisters | : | 1-Sister-Married |
| Maternal Place | : | Surat |
| Father | : | Kamleshbhai Nalinchandra Thaker |
| Address | : | Amba Krupa, 6, Samarpan Society, Bakrol Zone, Nr. Palikanagar, Anand, Po. V. V. Nagar |
| Phone No. | : | - |
| Mobile No. | : | 9825467091 |
| E-mail | : | - |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | 9879021835 |
| Choice | : | Well Education |
| Note | : | - |


| | | |
|---|---|---|
| Gotra | : | Kashyap |
| Nakshatra | : | Chitra-1 |
| Rashi | : | Kanya |
| Nadi | : | Madhya |
| Gan | : | - |
| Varna | : | Vaishya |
| Yoni | : | Vyagrh |
| Varg | : | Mushak |



નામ : કુ. ભાવિકાબેન દિલીપકુમાર દવે   ઊંચાઈ : ૫'–૦૦''   વજન : ૪૫ કિલો
જન્મતારીખ : ૩૧–૧૦–૧૯૯૨   જન્મસ્થળ : મદ્રાસ   જન્મસમય : ૦૯.૧૦ દિવસે
અભ્યાસ : બી.કોમ., એમ.કોમ.
મૂળવતન : સોજીત્રા   વ્યવસાય : નોકરી
માસિક આવક : રૂ. ૧૫,૦૦૦/–
ગોત્ર : પૌનસ
રાશિ : ધન
નક્ષત્ર : પૂર્વાષાઢા
નાડી : મધ્ય
માતાનું નામ : રમીલાબેન દિલીપભાઈ દવે
ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત
પિતાનું નામ : દિલીપકુમાર જયશંકર દવે
સરનામું : એ.પી.સી. રોડ, ધારાનગરી પાસે, સાથીનગર, આકાશદીપ ટાવર, આણંદ, વિદ્યાનગર રોડ
ફોન/મોબાઈલ : ૮૪૮૭૮૩૦૫૪૪, ૭૭૭૮૮૦૨૪૪




નામ : કુ. શ્રેયા ધીમંતભાઈ ઠાકર   ઊંચાઈ : ૫'–૪''   વજન : ૫૨ કિલો
જન્મતારીખ : ૧૦–૧૨–૧૯૯૪   જન્મસ્થળ : નડિયાદ   જન્મસમય : ૦૧.૪૦ સવારે
અભ્યાસ : બી.એસ.સી., નર્સીંગ
મૂળવતન : નડિયાદ, હાલ–ખેડા   વ્યવસાય : ગર્વન્મેન્ટ સર્વિસ – હાલ ડાંગ જિલ્લો
માસિક આવક : રૂ. ૩૨,૦૦૦/–
ગોત્ર : ગાર્ગ્સ
રાશિ : કુંભ
નક્ષત્ર : પૂર્વા ભાદ્રપદા
નાડી : આદ્ય
માતાનું નામ : ફાલ્ગુનીબેન
ભાઈ/બહેન : ૧–અપરણિત
પિતાનું નામ : ધીમંતભાઈ રાજેન્દ્રપ્રસાદ ઠાકર
સરનામું : શ્રી આસુતોષ કૃપા, વડવાળી શેરી ખેડા
ફોન/મોબાઈલ : ૯૮૨૪૨૫૪૨૫૧ (પિતા), ૯૫૮૬૪૪૮૮૪૬ (માતા)



નામ : કુ. કિંજલ ઘનશ્યામભાઈ દવે ઊંચાઈ : ૫'–૩'' વજન : ૪૩ કિલો


જન્મતારીખ : ૧૨–૧૨–૧૯૯૨ જન્મસ્થળ : સેવાલિયા જન્મસમય : ૦૨.૦૦ બપોરે

અભ્યાસ : બી.એસ.સી. (ફીઝીક્સ)

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી–મહાવીર સીસ. પ્રા.લી.–વસ્ત્રાપુર

માસિક આવક : રૂ. ૧૯,૦૦૦/–

ગોત્ર : લંકાનસ્ય




રાશિ : મિથુન

નક્ષત્ર : પુનર્વસુ

નાડી : આદિ

માતાનું નામ : જાગૃતિબેન ઘનશ્યામભાઈ દવે

ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત

પિતાનું નામ : ઘનશ્યામભાઈ મુકુન્દરાય દવે

સરનામું : બી–૧, વનરાજ ફલેટ, રેલ્વે ઓવરબ્રીજની બાજુમાં, ચાંદલોડિયા, અમદાવાદ–૩૮૨૪૮૧

ફોન/મોબાઈલ : ૯૪૨૮૫૦૩૮૮૫ (પિતા), ૮૪૬૯૫૦૬૮૭૦ (માતા)

---

નામ : ચિ. દેવાશું ઘનશ્યામભાઈ દવે ઊંચાઈ : ૫'–૫'' વજન : ૬૫ કિલો


જન્મતારીખ : ૧૭–૦૨–૧૯૯૧ જન્મસ્થળ : ઉમરેઠ જન્મસમય : ૦૭.૩૦ સવારે

અભ્યાસ : એમ.એસ.સી., આઈ.ટી.

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : ઉમરેઠ નગર પાલિકા

માસિક આવક : રૂ. ૧૧,૨૫૦/–

ગોત્ર : ગૌતમસ




રાશિ : મીન

નક્ષત્ર : પૂ.ભા.

નાડી : આદ્ય

માતાનું નામ : રાગિણીબેન


ભાઈ/બહેન : ૩–બહેન–પરણિત

પિતાનું નામ : ઘનશ્યાનભાઈ ત્રંબકલાલ દવે


સરનામું : બાજી ભટ્ટનો ઝાંપો, વાડી પાસે, ઉમરેઠ

ફોન/મોબાઈલ : ૭૬૨૨૦૩૩૬૮૩, ૮૪૬૦૯૯૭૦૯૧

નામ : ચિ. ચિરાગ પ્રકાશકુમાર ઢગટ ઊંચાઇ : ૫'–૭'' વજન : ૫૬ કિલો
જન્મતારીખ : ૦૪–૦૬–૧૯૯૪ જન્મસ્થળ : આણંદ જન્મસમય : ૦૫.૩૦ સાંજે
અભ્યાસ : બી.ઈ. (ઈલેક્ટ્રીકલ)
મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : –
માસિક આવક : /–
ગોત્ર : લંકાનસ
રાશિ : મીન
નક્ષત્ર : રેવતી
નાડી : અંત્ય
માતાનું નામ : ગીતાબેન ઢગટ
ભાઇ/બહેન : ૧–બહેન–અપરણિત
પિતાનું નામ : પ્રકાશકુમાર ગુણવંતલાલ ઢગટ
સરનામું : સદ્ગુરૂ સદન, શિક્ષક સોસાયટી, સોનાબા હોસ્પીટલની પાછળ, સેવાલીયા ગામ તા. ગળતેશ્વર, જી. ખેડા–૩૮૮૨૪૫
ફોન/મોબાઈલ : ૯૪૨૮૧૫૧૯૦૭





નામ : ચિ. ઉદયકુમાર મુકેશભાઇ દવે ઊંચાઇ : ૫'–૦૦'' વજન : ૫૦ કિલો
જન્મતારીખ : ૨૭–૧૦–૧૯૯૧ જન્મસ્થળ : મદ્રાસ જન્મસમય : ૦૯.૪૫ રાત્રે
અભ્યાસ : બી.એ.એમ.એ.
મૂળવતન : સોજીત્રા વ્યવસાય : નોકરી
માસિક આવક : રૂ. ૧૫,૦૦૦/–
ગોત્ર : ચિત્રાનાસ
રાશિ : મિથુન
નક્ષત્ર : મૃગશીર્ષ
નાડી : મધ્ય
માતાનું નામ : હેમાબેન મુકેશભાઇ દવે
ભાઇ/બહેન : ૧–બહેન–પરણિત, ૧–ભાઈ–પરણિત
પિતાનું નામ : મુકેશભાઇ ત્ર્યંબકલાલ દવે
સરનામું : સાથીનગર, આકાશદીપ ટાવર, નિયર ધારાનગરી, એ.પી.સી. રોડ, આણંદ–વિદ્યાનગર રોડ
ફોન/મોબાઈલ : ૯૩૨૮૯૪૮૮૫૮, ૬૩૫૩૬૭૭૫૬૬




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. રોહન બીપીનકુમાર ભટ્ટ |
| ઊંચાઈ | : | ૫'–૯'' |
| વજન | : | ૭૫ કિલો |
| જન્મ તારીખ | : | ૨૩–૦૫–૧૯૮૯ |
| જન્મ સમય | : | ૧૫.૫૦ બપોરે |
| જન્મ સ્થળ | : | યુ.એસ.એ. (ફલોરીડા) |
| અભ્યાસ | : | બી.એસ. બાયોલોજી |
| વ્યવસાય | : | બીઝનેસ |
| માસિક આવક | : | – |
| મૂળ વતન | : | ઉમરેઠ, યુ.એસ.એ. સીટીઝન |
| માતાનું નામ | : | ગીતાબેન બીપીનકુમાર ભટ્ટ |
| ભાઈ/બહેન | : | – |
| મોસાળ | : | આણંદ |
| પિતા | : | બીપીનકુમાર નરેન્દ્રપ્રસાદ ભટ્ટ |
| સરનામું | : | યુ.એસ.એ. |
| ફોન નં. | : | ૯૪૨૭૩૩૫૦૨૪ |
| મોબાઈલ નં. | : | ૧–૭૭૨–૩૪૨–૭૪૦૮ |
| ઈ–મેઈલ | : | b_bhatt32@hotmail.com |
| સંપર્ક | : | અરવિંદભાઈ પી. ત્રિવેદી |
| સરનામું | : | ૧૧–એ, અંકુર સોસાયટી, ૧૦૦ ફૂટ રોડ, આણંદ |
| ફોન નંબર | : | ૦૨૬૯૨–૨૫૩૫૦૯, ૭૫૭૭૫૫૨૩૯૨ |
| પસંદગી | : | વેલ એજ્યુકેટ, બ્રાહ્મણ ખેડાવાળ અથવા ઓલ બ્રાહ્મણ |
| નોંધ | : | – |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | લંકાલશ્ય |
| નક્ષત્ર | : | પૂર્વાષાઢા–૧ |
| રાશિ | : | ધન |
| નાડી | : | મધ્ય |
| ગણ | : | મનુષ્ય |
| વર્ણ | : | ક્ષત્રિય |
| યોનિ | : | વાનર |
| વર્ગ | : | ઉંદર |




નામ : ચિ. ઋત્વીકકુમાર ઘનશ્યામભાઈ દવે
ઊંચાઈ : ૫'–૧૧''
વજન : ૮૦ કિલો
જન્મ તારીખ : ૨૭–૦૭–૧૯૯૩
જન્મ સમય : ૧૦.૪૦ મિ.
જન્મ સ્થળ : ડાકોર
અભ્યાસ : એમ.બી.એ.
વ્યવસાય : યશ બેન્ક – અમુલ ડેરી રોડ, મું. આણંદ
માસિક આવક : રૂ. ૪૦,૦૦૦/–
મૂળ વતન : આણંદ
માતાનું નામ : પ્રતિમાબેન ઘનશ્યામભાઈ દવે
ભાઈ/બહેન : –
મોસાળ : મુ. ડાકોર, તા. ઠાસરા, જી. ખેડા
પિતા : ઘનશ્યામભાઈ ચંદુલાલ દવે
સરનામું : શાસ્ત્રી સ્ટ્રીટ, મઠીઆ ચોરા પાસે, નાના અડધ,
મુ. આણંદ–૩૮૮૦૦૧
ફોન નં. : ૦૨૬૯૨–૨૪૪૩૦૭ (ઘર)
મોબાઈલ નં. : ૯૬૮૭૨૩૦૦૦૪
ઈ–મેઈલ : –
સંપર્ક : અતુલકુમાર બાબુભાઈ ઠાકર
સરનામું : ૧૫, શિવપ્રિયા સોસાયટી, ટી. પી. ૧૩, ગોવર્ધન પાર્ક–૨ સામે,
છાણી રોડ, મુ. વડોદરા
ફોન નંબર : ૯૮૯૮૨૯૯૯૨૪
પસંદગી : –
નોંધ : –

ગોત્ર : ભારદ્વાજ
નક્ષત્ર : વિશાખા
રાશિ : તુલા
નાડી : અંત્ય
ગણ : રાક્ષસ
વર્ણ : શુદ્ર
યોનિ : વ્યાઘ્ર
વર્ગ : સર્પ




| | | |
|---|---|---|
| Name | : | Chi. Parth Nayankumar Bhatt (Canada Citizen) |
| Height | : | 5‘-6’’ |
| Weight | : | 70 Kg. |
| Birth Date | : | 04-08-1992 |
| Birth Time | : | 01.16 a.m. |
| Birth Place | : | Maninagar, Ahmedabad |
| Education | : | Bechlor of Design |
| Profession | : | Senior Grafic Designer |
| Monthly Income | : | - |
| Native Place | : | Nadiad |
| Mother Name | : | Mittal Nayankumar Bhatt |
| Borther/Sisters | : | 1-Brother-Unmarried |
| Maternal Place | : | Jaysukhlal Kanaiyalal Shelat, Ahmedabad |
| Father | : | Nayankumar Rasiklal Bhatt |
| Address | : | 43, Twin Pines Cres, Brampton On, L7 A 1 M 8, Canada |
| Phone No. | : | +91-9427004644, +91-9265465907 |
| Canada No. | : | +1 416 917 9914 (M) / +1 647 333 3448 (F) +1 905 450 3547 |
| E-mail | : | bhatt_nayan@yahoo.com |
| Choice | : | Canada, America |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Chitranas |
| Nakshatra | : | Chitra-2 |
| Rashi | : | Kanya |
| Nadi | : | Madhya |
| Gan | : | Rakshas |
| Varna | : | Vaishya |
| Yoni | : | Vyaghra |
| Varg | : | - |



| | | |
|---|---|---|
| નામ | : | ચિ. ધનેશ નિલેશકુમાર કોટડિયા |
| ઊંચાઈ | : | ૫'–૮'' |
| વજન | : | ૬૧ કિલો |
| જન્મ તારીખ | : | ૧૫–૦૩–૧૯૯૩ |
| જન્મ સમય | : | ૦૭.૦૪ રાત્રે |
| જન્મ સ્થળ | : | મદ્રાસ |
| અભ્યાસ | : | B.E. Electronic & Communication Networking Master |
| વ્યવસાય | : | યુ.કે. પાર્ટ ટાઈમ જોબ |
| માસિક આવક | : | – |
| મૂળ વતન | : | સોજીત્રા |
| માતાનું નામ | : | જીગીશાબેન નિલેશકુમાર કોટડિયા |
| ભાઈ/બહેન | : | ૧–બેન–પરણિત, ૧–ભાઈ–અપરણિત |
| મોસાળ | : | મદ્રાસ |
| પિતા | : | હર્ષદલાલ પરસોત્તમભાઈ દવે |
| સરનામું | : | સીતાલા પક્કમ, મદ્રાસ |
| ફોન નં. | : | – |
| મોબાઈલ નં. | : | ૯૪૨૬૨૪૫૯૧૨ |
| ઈ–મેઈલ | : | nkotadiya5411@gmail.com |
| સંપર્ક | : | – |
| સરનામું | : | ૧૪, નહેરૂપાર્ક સોસાયટી, સુખરામનગર, પાણીની ટાંકી પાસે, ગોમતીપુર, અમદાવાદ–૨૧ |
| ફોન નંબર | : | ૯૪૨૬૨૪૫૯૧૨ |
| પસંદગી | : | |
| નોંધ | : | |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | લંકાનસ |
| નક્ષત્ર | : | મુલ |
| રાશિ | : | ધન |
| નાડી | : | આધ્ય |
| ગણ | : | રાક્ષસ |
| વર્ણ | : | ક્ષત્રિય |
| યોનિ | : | શ્વાન |
| વર્ગ | : | – |



## જ્ઞાતિ ગૌરવ

- મહાદેવની કૃપા અને વડીલોના આર્શિવાદથી અલ્પેશકુમાર બાબુભાઈ પંડ્યા રહેવાસી મૂળ ઉમરેઠ હાલ આણંદનાઓને પોલીસ વિભાગમાં આસિસ્ટન્ટ સબ ઈસ્પેક્ટર તરીકે બઢતી મળેલ છે જે અંગે જ્ઞાતિ સમાજને રૂ. ૨૫૧/– ભેટ. જેઓ હાલ છેલ્લા દસેક વર્ષથી પોલીસ અધિક્ષકની કચેરી આણંદમાં ફોરેનર્સ વિભાગમાં ફરજ બજાવે છે.
- વસોના વતની શ્રી મુકેશકુમાર હરિપ્રસાદ ભટ્ટ તથા અ.સૌ. જાગૃતિબેન મુકેશકુમાર ભટ્ટની સુપુત્રી કુ. ભૂમિબેન મુકેશકુમાર ભટ્ટ એમ.ટેક. (ઈ.વી.ડી.)માં પ્રથમ આવવા બદલ ગોલ્ડ મેડલ મેળવનાર છે તથા એમ.ટેક. ફેકલ્ટી લેવાલમાં પણ હાઈએસ્ટ સી.જી.પી.એ. બદલ ચારૂતર યુનીવર્સીટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ચાંગા તરફથી શ્રી હસમુખભાઈ પી. પટેલ ગોલ્ડ મેડલ મેળવનાર છે. તે બદલ ભાઈ શ્રી કીશન મુકેશકુમાર ભટ્ટ તરફથી રૂ. ૫૦૧/– ભેટ આપવામાં આવેલ છે.
- હાલ વલ્લભ વિદ્યાનગર નિવાસી પ્રો. ડૉ. સંજયકુમાર કનુભાઈ દવે અને શ્રીમતી અલકાબેન સંજયકુમાર દવેના પુત્ર તથા શ્રી પ્રવિણકુમાર ચીમનલાલ દવે તથા વિરબાળાબેન પી. દવે (દવે માર્બલ એન્ડ સ્ટોન)ના દોહિત્ર ડૉ. હર્ષ સંજય દવે (એમ.બી.બી.એસ.) કલીનીકલ તથા રીસર્ચ રોટેશન માટે ખ્યાતનામ ટફ્ટ યુનિવર્સીટી, બોસ્ટન, અમેરીકા ખાતે પસંદગી પામેલ છે. આ અગાઉ તેઓ ઈન્ડોનેશિયા કોન્ફરન્સમાં બેસ્ટ પેપર એવોર્ડ, આઈ.સી.એમ.આર. સ્ટુન્ડરશીપ તેમજ સંસ્થામાંથી પણ સન્માન પ્રાપ્ત કરેલ છે. આ માટે તેઓએ પત્રિકાને રૂ. ૨૫૧/– ભેટ આપલ છે.

## શુભેચ્છા ભેટ

- આણંદથી વાસુદેવ કરૂણાશંકર શુક્લના સુપુત્ર મયંક વાસુદેવના સુપુત્ર ચિ. તન્મયના ચૌલ સંસ્કાર (બાધા)ના પ્રસંગે વડતાલ મુકામે તા. ૨૦–૧૦–૨૦૧૯ રવિવારના રોજ યોજાયેલ આ શુભ પ્રસંગે બાજખેડાવાળ પત્રિકાને રૂ. ૧૦૧/– ભેટ આપેલ છે.

## અવસાન નોંધ

- ઉમરેઠ નિવાસી / હાલ અમદાવાદ અજીતભાઈ ઉમીયાશંકર પંડ્યાના ધર્મપત્ની કોકીલાબેન અજીતભાઈ પંડ્યા તા. ૨૧–૧૧–૨૦૧૯ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના. પંડ્યા પરિવાર તરફથી પત્રિકાને રૂ. ૧૫૧/– સ્મૃતિ ભેટ આપેલ છે.
- ઉમરેઠના વતની અને અમદાવાદ નિવાસી શ્રી ભાસ્કરભાઈ હીરુભાઈ ભટ્ટ તા. ૨૯–૧૨–૧૯ના રોજ આકસ્મિક અવસાન પામેલ છે. પરિવાર તરફથી રૂ. ૨૫૧/– સ્મૃતિ ભેટ મળેલ છે.
- સ્વ. નારાયણપ્રસાદ કૃષ્ણપ્રસાદ શુક્લની સ્મૃતિમાં શ્રી નિરજ અને શ્રી મિલિન્દ નારાયણપ્રસાદ શુકલ તરફથી રૂ. ૨૫૧/– સ્મૃતિભેટ મળેલ છે.
- મુંબઈ નિવાસી ચંદ્રિકાબેન ઘનશ્યામપ્રસાદ શેલતનું તા. ૧૩–૧–૨૦૨૦ને સોમવારના રોજ વડતાલ મુકામે અક્ષરવાસ થયેલ છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે. તેઓના દિકરા શ્રીકેતન ઘનશ્યામપ્રસાદ શેલત તથા શ્રી રશેષ ઘનશ્યામપ્રસાદ શેલત તરફથી પત્રિકીને રૂ. ૨૦૦/– સ્મૃતિભેટ મળેલ છે.

Registered Under RNI No. GUJGUJ/2007/20537 date 24-07-07 Permitted to Post at PSO on last day of month Regd. Under Postal Regd. No. GAMC-705/ 2019-21 issued by SSP Ahmedabad valid & Renewed upto Dt. 31-12-2021
LPWP No. PMG / HQ / 100 / 2019-2021 valid upto 31-12-2021
Published on 27th Every Month

## : સુધારો :

- ડિસેમ્બર–૨૦૧૯ના પાના નં. ૪૦ પર ચિ. કૌશલ દવેના જન્માક્ષરમાં ઊંચાઈ ૬'.૧'' વાંચવી.
- ડિસેમ્બર–૨૦૧૯ના પાના નં. ૪૨ પર ચિ. રાધેશ વ્યાસના જન્માક્ષરમાં જન્મ તારીખ ૩૦–૦૭–૧૯૮૫ વાંચવી.
- ડિસેમ્બર–૨૦૧૯ના પાના નં. ૪૫ પર ચિ. નિત્તલ આશિષ ડોળિયાના જન્માક્ષરમાં કુ. નિત્તલ આશિષ ડોળિયા વાંચવું.

## : ખાસ નોંધ :

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે** http://abbhs.in **પર** Patrika **વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.**

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી શ્રી મહાવીરપ્રસાદ દેસાઈ** દ્વારા ધર્મેશ પ્રિન્ટોરીયમ, પ્રેસ, બી–૬, ૨૩ અને ૧૨–બી અગ્રવાલ ઈન્ડસ્સ્ટ્રીયલ એસ્ટેટ, અગ્રવાલ આઈસ ફેક્ટરી કંમ્પાઉન્ડ, દુધેશ્વર, અમદાવાદમાં છપાવી બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭
(M) 9898535030, 9974127810